## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



રામના નામવાળા સંતોને ભલે ગુનેગાર સાહિત કરી પુરી દીધા... પરંતુ જે ઓરીજનલ રામ હતા તેનું નામ લેવાનું તમારે ચાલુ જ રાખવાનું છે....!!

# જિલ્લામાંથી સ્વાઈન ફલુના ૪ કેસ મળ્યા

## બાળ-દર્દીઓની સંખ્યામાં થતો વધારો તંત્રની ચિંતાનું કારણ છે : જિલ્લામાં કુલ ૧૩૧ કેસ થયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી સ્વાઈન ફલુના આજે વધુ ૪ કેસ મળી આવ્યા છે. ગાંધીનગર તાલુકામાંથી ૩ અને માણસા તાલુકામાંથી એક કેસ આજે મળી આવેલ છે. આ સાથે જિલ્લામાંથી અત્યાર સુધી સ્વાઈન ફલુના ૧૩૧ કેસ મળી આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાંથી આજે મળેલા ત્રણ કેસ પૈકી બે કેસ નાના બાળકોના છે. ઉનાવા ગામમાંથી એક ત્રણ વર્ષના બાળકને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. ટીંટોડા ગામેથી ૨૪ વર્ષીય યુવકને પણ પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે.

સુઘડની ૭ વર્ષીય કિશોરીને પણ સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. આ સાથે સ્વાઈન ફલુ પોઝીટીવના દર્દીઓ ગાંધીનગર તાલુકામાંથી ૫૨ મળી આવ્યા છે.

માણસા તાલુકાના બાપુપુરા ગામેથી પણ એક દર્દી સ્વાઈન ફલુ પોઝીટીવનો મળી આવ્યો છે. આ સાથે માણસા તાલુકામાંથી પણ કેસોની સંખ્યા વધીને ૧૬ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ ૨૪ દર્દી સારવાર હેઠળ છે. જેમાં ૧ દર્દી વેન્ટીલેટર અને ૧ દર્દીને બાયપેપથી સારવાર આપવામાં આવી રહી છે.

જિલ્લામાં સ્વાઈન ફલુને કારણે ૧૬ દર્દીના મોત થયા છે. જિલ્લામાં ઓગષ્ટ માસ દરમ્યાન ૧૦૦ અને સપ્ટેમ્બર માસના ૪ દિવસમાં ૧૮ કેસ સામે આવ્યા છે.

સ્વાઈન ફલુના કેસોમાં બાળ દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. જિલ્લાતંત્રએ સર્વેલન્સ અને ઉકાળા વિતરણને વધુ સઘન બનાવ્યુ છે. જિલ્લામાં હજુ પણ સ્વાઈન ફલુના કેસોની સંખ્યામાં ઘટાડો જોવા મળતો નહિ હોવાથી પણ તંત્ર ચિંતાતુર છે.



ગાંધીનગર શ્વેતાંબર જૈન સંઘ દ્વારા ચૈત્યપરિપાટી નિમિત્તે ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. ગાંધીનગરથી પેથાપુરના માર્ગ પર નીકળેલા વરઘોડામાં જૈન શ્રાવકો મોટી સંખ્યામાં જોડાયા હતા. ચાર્તુમાસ નિમિત્તે મહારાજ સાહેબની નિશ્રામાં યોજાયા વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોમાં શહેરના જૈન પરિવારો ઉત્સાહપૂર્વક જોડાય છે. પર્યૂષણના સમાપન બાદ ચૈત્યપરિપાટી માટે પણ જૈન પરિવારોમાં ભારે ઉત્સાહ વ્યક્ત કરાયો હતો.

## સે. ૧૪માંથી ૭૧ વર્ષીય વૃધ્ધને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયો

ગાંધીનગર શહેરના નવ વિકસીત સે. ૧૪માંથી આજે વધુ એક કેસ સ્વાઈનફલુનો પોઝીટીવ મળી આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે ૭૧ વર્ષીય વૃધ્ધને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફલુ પોઝીટીવ હોવાનું જણાયુ છે. આ ૭૧ વર્ષીય વૃધ્ધને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આજે મળેલા આ કેસ સાથે શહેરમાં સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા ૪૦ પર પહોંચી છે. જે પૈકી ૪ દર્દીના મોત નીપજ્યા છે. ૩૦ દર્દી સંપૂર્ણ રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

## માણસામાં બેટી બચાવો બેટી પઢાવોનું પ્રદર્શન

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે બેટી બચાવો બેટી પઢાવો થીમ પર ત્રિદિવસીય પ્રદર્શનનો પ્રારંભ થયો છે. આ પ્રદર્શનમાં દિકરી વ્હાલનો દરિયો નહિ પણ વીરડો છે તેવી લાગણી ઉદ્‌ઘાટન સમારોહમાં ઘનશ્યામભાઈ ગઢવીએ કરી હતી. તેમણે કહ્યું કે દરિયાનું પાણી ખારૂ હોય છે દિકરી ખારી નહિ પણ માનવજીવનમાં વસંત ખીલવવા અવતરીત થતી હોય છે. તેમણે કહ્યું કે દિકરી જે કરી શકે છે તે દિકરો કરતાં ક્યારેક સંકોચ અનુભવતો હોય છે એ ભુલશો નહિ. આ પ્રદર્શનના ઉદ્‌ઘાટન સમારોહમાં તાલુકા વિકાસ અધિકારી, બ્લોક હેલ્થ ઓફિસર, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી, આઈસીડીએસના પ્રોગ્રામ ઓફિસર સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

## જનક્ષત્રિય મોચી સમાજના 'જણસારી ટાઈમ્સ'નો આરંભ

ગાંધીનગર, તા. ૪

વિશ્વ જણસારી સમાજ, સમસ્ત જણસારી સમાજ વિકાસ પરિષદ દ્વારા 'જણસારી ટાઈમ્સ'નું ટૂંક સમયમાં જ પ્રકાશન થવાનું છે. જેમાં સમાજની વિવિધ પ્રવૃત્તિઓ વિશિષ્ટ સિદ્ધિ, હાંસલ કરેલ હોય, તેજસ્વી ટમટમતા તારલાઓની વિગત, જન્મદિને હાર્દિક શુભેચ્છા, સારા-માઠા પ્રસંગે એક-બીજાને મદદરૂપ થવું, તેમજ યુવક મંડળ, મહિલા મંડળ, જણસારી સિનિયર સીટીઝન્સની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવી, સમાજના મહાનુભાવોનું સન્માન, સરકારની વિવિધ યોજનાઓની જાણકારી, માર્ગદર્શન જાગા-લાલા મંદિર-ભવન માટે જમીનની તેમજ સરકારી મકાનની માંગણી તેમજ શિડ્યુઅલ કાસ્ટમાં સમાવેશ કરવા જેવી રજૂઆતો કરવી. સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન આપવું, વોટ્સએપ ગૃપ બનાવવુ, અપરણિત યુવક-યુવતિઓની વિગતો જીવનસાથીની પસંદગી માટે પ્રકાશિત કરવી. દુઃખદ અવસાને શ્રદ્ધાંજલિ આપવી, રાષ્ટ્રિય ભાવના જાગૃત થાય અને ગાંધીનગર, ગુજરાત, ભારત એ વિદેશમાં વસતા જ્ઞાતિજનો સમાજના વિકાસમાં સગભાગી થાય તેવી બાબતો સમાવાશે.

# જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લાના ૩૦૦ બાળકોને આજે ટેબ્લેટ અપાશે

**મુખ્યમંત્રી શાહપુર ખાતેથી, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા બોરીજ ખાતે અને નાનુભાઈ વાનાણી ઈસનપુર-મોટા ગામે પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે : જિલ્લાની ૪૪ અને રાજ્યની ૫૦૮ સ્કૂલોમાં પ્રોજેક્ટ અમલી બનશે : એક ક્લાસરૂમ માટે ૧ લાખ ૧૫ હજારનો ખર્ચ સર્વ શિક્ષા અભિયાન ભોગવશે**

ગાંધીનગર, તા. ૪

જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લાના ત્રણસો બાળકોને આજે સરકાર દ્વારા ટેબ્લેટ આપવામાં આવશે. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના આ મહાત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં પ્રથમ તબક્કામાં રાજ્યની ૫૦૮ શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું એક સાથે લોકાર્પણ થવાનું છે. રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગાંધીનગર તાલુકાની શાહપુર પ્રા. શાળામાં આ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવાના છે.

રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા બોરીજ ખાતે અને રાજ્યમંત્રી નાનુભાઈ વાનાણી ઈસનપુર મોટા ખાતે આ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવાના છે. આ પ્રોજેક્ટના લોકાર્પણ પ્રસંગે રાજ્યભરની ૧૦૦ શાળાના ૧૦ હજાર જેટલા બાળકોને ટેબ્લેટ આપવામાં આવનાર છે.

જિલ્લામાં પ્રથમ તબક્કામાં ૪૪ શાળાઓની આ માટે પસંદગી કરવામાં આવી છે જેમાં ૩૧ ગાંધીનગર તાલુકાની અને ૧૩ માણસા તાલુકાની શાળાઓનો સમાવેશ થાય છે.

જિલ્લામાં ટેબ્લેટ માટે હાલ ત્રણ શાળાઓ પસંદગી પામી છે. જેમાં શાહપુર, બોરીજ અને ઈસનપુર મોટાની શાળાના બાળકોનો સમાવેશ થાય છે.

ધો. ૭ અને ૮ના બાળકોમાં ભાર વિના ભણતર માટે આ જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અમલમાં આવી રહેલ છે. આ પ્રોજેક્ટમાં એક શાળા પાછળ સર્વશિક્ષા અભિયાન દ્વારા એક ક્લાસ તૈયાર કરવા પાછળ ૧ લાખ ૧૫ હજાર જેટલો માતબર ખર્ચ કરવામાં આવનાર છે.

ખાનગી શાળાઓ સાથે સરકારી શાળાઓ સ્પર્ધા કરી શકે તે હેતુને નજર સમક્ષ રાખી સરકારે આખા પ્રોજેક્ટને તૈયાર કર્યો છે. સરકારનું માનવું છે કે દશ્ય-શ્રાવ્યની શિક્ષણ પદ્ધતિથી બાળકનું મન શિક્ષણમાં લાગશે એટલુ જ નહિ ગુણવત્તાસભર શિક્ષણ પણ તેને આધુનિક પદ્ધતિથી પ્રાપ્ત થશે.

આ જ્ઞાનકુંજ પ્રોજેક્ટના અમલીકરણ પૂર્વે ત્રણ તબક્કામાં શિક્ષકોને આ નવી પદ્ધતિથી વાકેફ કરવા ઉપરાંત જરૂરી તાલિમ પણ આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ શિક્ષણ જગતમાં ક્રાંતિ જગાવશે તેવો વિશ્વાસ સરકાર ધરાવે છે.

## ડોર ટુ ડોર કલેક્શન પરિવહનની સુવિધા માટે રિટેન્ડરીંગ કરાશે

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિએ કચરાના કલેક્શન માટે કોમ્પેક્ટર ખરીદીનો મુદ્દો નિર્ણય લીધા વિના મુલ્તવી રાખેલ છે. આજની આ બેઠકમાં ડોર ટુ ડોર કલેક્શન માટે પરિવહનની સુવિધા સાથે સેવા આપવા માટેના ટેન્ડરને રદ કરી અને તાત્કાલિક ટુંકી મુદતની નવી જાહેરાત આપી ટેન્ડરીંગ કરવા માટે તંત્રને જણાવ્યું છે. મહાનગરપાલિકાની એક જ સપ્તાહના ટૂંકાગાળામાં આ બીજી બેઠક મળી હતી જે ઉલ્લેખનીય છે.

## નેશનલ મોનીટરીંગ કમિટી ફોર માઈનોરીટી એજ્યુકેશનમાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમા નિમાયા

નેશનલ મોનીટરીંગ કમિટી ફોર માઈનોરીટી એજ્યુકેશન (NMCME)ની ભારત સરકારે પુનઃ નિયુક્તિ કરતા રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની શિક્ષણ મંત્રીની હોદ્દાની રૂએ આ કમિટીના સભ્ય તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. આ કમિટીમાં ઉત્તરપ્રદેશ, આસામ, તામીલનાડુના શિક્ષણ મંત્રીઓની પણ હોદ્દાની રૂએ સભ્ય તરીકે નિયુક્તિ કરાઈ છે. જ્યારે પશ્ચિમ બંગાલ, ગોવા, પંજાબ, તેલંગાણાના શિક્ષણ સચિવોની સભ્ય તરીકે નિયુક્ત કરાઈ છે. ઉપરાંત અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર, જામીયા મિલીયા ઈસ્લામીયા, નવી દિલ્હીના વાઈસ ચાન્સેલર નેશનલ કમિશન ફોર માયનોરીટીઝના સેક્રેટરીઓની પણ આ કમિટીમાં હોદ્દાની રૂએ સભ્ય તરીકે કેન્દ્ર સરકારે નિમણુંક કરી છે.

Digital India
Power To Empower

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ડિજિટલ ઈન્ડિયાના સ્વપ્નદૃષ્ટાની પ્રેરણા થકી
ગુજરાત સરકારની ડિજિટલ શિક્ષણ ક્ષેત્રે નવી પહેલ

જ્ઞાનકુંજ પ્રોજેક્ટ

માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્‌હસ્તે

તા. ૫-૯-૨૦૧૭ થી શુભારંભ



શ્રી નરેન્દ્રભાઈ મોદી
માન. વડાપ્રધાન, ભારત



શ્રી વિજયભાઈ રૂપાણી
માન. મુખ્યમંત્રી, ગુજરાત




Gyankunj
Digital Interactive e-Class

"બાળકોના વિસ્મયને સંતોષીને તેમને જ્ઞાનના પુંજ બનાવવા માટે 'જ્ઞાનકુંજ'ની શરુઆત"
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી



NAMO e-TAB
New Avenues of Modern education through Tablets

જ્ઞાનકુંજ પ્રોજેક્ટ

- શાળા કક્ષાએ ટેકનોલોજીની મદદથી સ્માર્ટ બોર્ડ સાથે ઈન્ટરેક્ટિવ e-કલાસ
- રાજ્યની ૧૬૦૯ સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૭ અને ૮ના ૩,૧૭૩ વર્ગખંડોમાં લેપટોપ, પ્રોજેક્ટર, ઈન્ફ્રારેડ કેમેરા, સ્માર્ટ બોર્ડ, સ્પીકર અને વાઈ-ફાઈ રાઉટરની સુવિધા
- ભાર વિનાના ભણતર માટે ૧૦૦ શાળાઓના ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ૧૦,૦૦૦ ટેબ્લેટ
- ધોરણ ૫ થી ૮ના તમામ વિષયોનું ઈ-કન્ટેન્ટ અને ઈન્ટરનેટના માધ્યમથી ઉપલબ્ધ કન્ટેન્ટ ની મદદથી શિક્ષણ
- ટેકનોલોજીના માધ્યમથી અભ્યાસક્રમની સરળ રીતે સમજૂતી

શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય